શ્રી બહુચરાજી મનરંજન
સ્તુતી ગાયન

રચનાર.

પટેલ. આતમારામ મુલચંદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

પટેલ નારણદાસ દલપતરામ.

પટેલ. નારણદાસ મુલચંદ.

પટેલ. પુરૂશોતમ મણીલાલ.

મુ. અમદાવાદ.

આવૃતિ પહેલી.

અમદાવાદ—"વિજયપ્રવર્તક" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૩. સને ૧૮૯૭.

કીમત રૂ ૦-૨-૦ (બે આના.)

૫૫૯૫

શ્રી બહુચરાજી મનરંજન સ્તુતી ગાયન.

રચનાર.

પટેલ. આતમારામ મુલચંદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

પટેલ. નારણદાસ દલપતરાંમ.

પટેલ. નારણદાસ મુલચંદ.

પટેલ. પુરૂશોતમ મણીલાલ.

મુ. અમદાવાદ.

આવૃતિ પહેલી.

અમદાવાદ—"વિજયપ્રવર્त्तક" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૩. સને ૧૮૯૭.

કીમત રૂ ૦-૨-૦ (બે આના.)

(સન ૧૮૬૭ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીસ્ટર છે.)

પ્રસ્તાવના.

વીદ્વાન સુજ્ઞ સદગ્રહસ્થો ભારતવાસીઓ ને દેવી ભક્તજનો શ્રી બહુચરાજી મનરંજન સ્તુતી ગાયન નામનો લઘુગ્રંથ પરધર્માદી નાટકોમાં ગવાતા રાગોથી રચી બહાર પાડવાનો હેતુ એજ છે કે આજકાલ છિછાંછળા છોરૂઓનાં ચિત્ત પરધર્માદી નાટકોના રાગોમાં લિંન્ન થઇ ગંએલાં છે તેથી સ્વધર્મના જુના લેખ ઉપર બીલકુલ પ્રીતી નથી તેથી ધર્મની હાંની થાય છે તે અટકાવ સારૂ ઉચ્ચિત ધારી આ લઘું ગ્રંથ બહાર પાડેલો છે. આ ગ્રંથમાં માહારા થોડા અનુભવને લીધે ઘણાક દોષો રહેલા હશે તે વાંચક વર્ગ સુધારી લેશો એવી હું આસા રાખું છું.

લી. સેવક. આતમારામ મુળચંદ પટેલ.

લુણસાવાડે કડવાપોળ.

અમદાવાદ.



શ્રી બહુચરાજી મનરંજન
સ્તુતી ગાયન.

મંગળાચરણ.

૧ (કલ્યાંણ જયભદ્રકાળી) એ રાગ.

જય બહુચર બાળી, સનખલપુર વાળી;
ધ્યાંન અહરનીસ ધરૂં, દીન દયાળી.
મહેશ્વરી માજી તુજને હું, પ્રીતે લાગુ પાય;
તનડાં કેરા તાપ નિવારે, તો સુખ મુજને થાય. જય.
દુઃખ ભંજન દરીઆઈ દેવી, જગત જનુની માત;
જળમાં સ્થળમાંવ્યાપી રહી છું, ચઉદભુવન પ્રખ્યાત. જય.
અલ્પ મતિએ આરંભુ છું, લખુ ગ્રંથ હું આજ;
મહેર કરે મંમાયા મોટી, તો સરસે મુજ કાજ. જય.
સન્મતિ આપે દુરમતિ કાપે, સર્વ યુક્તિ તુજ માંહ્ય;
વાંણી દેજે સારદ માતુ, કાર્ય સિદ્ધ આ થાય. જય.

૨ ગીતી.

ઇંદ્રાદી બ્રહ્માદી સુરસનકાદી ગુણ તમ ગાએ,
દીન સેવકની વ્હારે ચઢજો માત લાગું તમ પાએ;
બહુચર બાળી માજી મહેશ્વરી ભગવતિ પાય લાગું;
મહેર ઉરમાં આણી પુર્ણ કરાવો ગ્રંન્થ એજ માગું.

---

૩ (મુજ ઉપર ગુજરી) એ રાગ.

અમે અમદાવાદના સ્ટેસન ઉપર આવી,
જાવા જોટાણાં ગામ ટીકીટો કરાવી;
ટીકીટો કપાવી ઉભા પ્લાટ ફોરમપર,
વાંસેથી ગાડી આવી દોડતી ખરખર.
પોલીસે પાડી હાંક ખસો નરનારી,
વગાડી ઘંટો કહે થઇ તઇઆરી;
એવું કહેતાંની વાર આવી ત્યાં ગાડી,
સીટી મારીને ઉભી રહી મોં ફાડી.
સટ લઇને બેસી ગયાં માંહે નરનારી,
જયજયજય બહુચરમાત મુખ ઉચારી;
ચાલી તે એકજદંમ હર્ષ ધારીને,
ઉભી મેસાંણા ગાંમ સીટી મારીને.
ટીકીટો સરવની તપાસવા ત્યાં માંડી,
સીપાઇઓ કહે છે રાત રેહેવાની ગાડી;
અમે ઉતર્યા એણીવાર લોકના થોકો,

સૌ મુખથી બોલ્યા જલદી જગીઆ રોકો.
જઇ સૌસૌ બેઠા મુકામ બચકી સાઇ,
લાંબા થઇને ત્યાં સુતા લાડવા ખાઇ;
વાહાણું વાયું તેવાર ઉઠી નરનારી,
સૌ કહે હાંક મારીને કરો તઇઆરી.
વાતો કરતાની માંય આવી ત્યાં ગાડી,
ઝટ લઇને પેસી ગયાં માંહે નરનારી;
સટ લઇને ઉપડી આવી જોટાણાં ગામ,
થઇ રહ્યું ખરચેલા દામ તણું રે કામ.
અમે ઉતર્યા ત્યાંથી હેટ ટીકીટો દઇને,
ઝટ ઉભા ઝાંપા બહાર મગનજ થઇને;
પછી ચાલ્યા અગે સૌ સાથ કાછડાવાળી,
સૌ એકવાર સાથે બોલો જય બહુચરબાળી.

---

૪ (સારૂં સારૂં રે સુરત સહેર) એ રાગ.

સારૂં સારૂં રે (હાંહાંરે) સનખલપુર સહેર શોભાછે સારી.
અલબેલીરે (હાંહાંરે) ત્યાં બહુચરમાત શોભા છે સારી.
અખંડ જયોતો ઝગમગે છે, માજી તણે દરબારરે;
ચાચરમાંહે ધૃત હોમે છે, મળી સહુ નરનાર. શોભા૦
ધર્મશાળા માજીની આગળ, દરવાજાની બહારરે;
જાત્રાળુજન જે કોઇ આવે ઉતરે તેણે ઠાર. શોભા૦
દેવળ ઉપર શિખર સોનાનું, જરી પતાકા ફરકેરે;

કુળકલંકિત જારી કરતાં, મનડાંમાંહી થરકે. શોભા૦
બ્રાહ્મણજન મંડપમાં ફરતા, મોદીક કેરી આસેરે;
નારસિંગ વીરનું દેવળ છે, માજી દ્વારની પાસે. શોભા૦
ચાચર પાસે પગલાંમાંનાં પુજા તેની થાયરે;
મોદીકજન બંબંબં કહીને દક્ષણા લેવા ધાય. શોભા૦
દીવા દાંડી ઝગમગેને, નોતમ નેપુર વાજેરે;
ચોઘડીયાં સરણાઇ મંડપમાં, રોજવાગતાં સાંજે. શોભા૦
હાંડી તકતાંઓને ઝુમર, મંડપમાંહે સોહેરે;
ચિત્ર કામ રૂડાં દેખીને જનનાં મનડાં મોહે. શોભા૦

---

૫ (બંધ કિલ્લો બાપુ છે સુ કામ.) એ રાગ.

જોવા જેવું મંડપ કેરૂં કાંમ; જય બહુચર બાળીરે;
હાંડી તક્તાઓને ઝુમર લટકે, માજી કેરેરે સુકાંમ. જોવા.
જાત્રાળુ જનને આરાંમ લેવા, રૂડાં રૂપાળાં છે ધાંમ. જોવા.
દેવળ જોડ સરકારની બેઠક, પોલીસ પડી રહે તે ઠાંમ. જોવા.
મોહોરે દરવાજે મેહેલ ઝરૂખા, ખરચેલા મહા મુલ્ય દાંમ જોવા.
આરસ પારસ ઠેર ઠેર જડેલા, દેવીના દેરે તમામ. જોવા.
કુંમ કુંમ કેસર અતિ અરગજા, ઉડાવે માનેરે ધાંમ. જોવા.
ઝાંઝર ઝુંમખાં કાંને કુંડળ, દાગીના પુર દમાંમ. જોવા.
નિરમળ નીર ઝારીમાં ભરીને નવરાવે માને તમામ. જોવા.
તરેહ તરેહની સાંજી ભરાયછે, અતિ થાય ધુમ ધાંમ. જોવા.
બહુચર બાળી મહેર ઉર આંણી, સેવક તણાં દુઃખ વાંમ.જોવા.

---

૬ બંનજારો.

સુણજો સહુ શોભા સારી, જાઉં માજી ચરણપર વારી.
હર્નીસ ચોઘડીયાં વાજે, ઘંટડીઓ અતિસે ગાજે;
ઉપજે સુખ શાંન્તિ સારી, જાઉં.
હોમ કરવા કુંડજ કીધો, દરવાજા નજીકમાં લીધો.
હોમે ચીર ચુંદડી સારી, જાઉં.
સસીસમ મુખડું સોહે, દેખીને મનડું મોહે;
રયણ મુગટ શિરધારી, જાઉં.
રંક વણિકને ઉગાર્યો, નિધિ માંહેથી નાવજ તાર્યો;
વાહ વાહરે બહુચર બાળી, જાઉં.
મહીષાસુર મારણ માઇ, દાનવો હણ્યા તેં ધાઇ;
ધન્ય ધન્ય છબી મતવારી, જાઉં.
શુંભ નિશુંભને સંહાર્યા, કંઇક ભકત જનોને તાર્યા;
દેવી તું દીન દયાળી, જાઉં.

---

૭ (ઉજ્જેણી રંડાણી અરે હાયહાય) એ રાગ.

જય જય જગમાંહી માજી કરજો. (૨)
અચળસુખ (૨) ભક્તને દજો,
ભ–ક્ત–ને–રે સુખ આપજો;
દુઃખ કાપજો—જય જય.

---

૮ (વીરા વેસ્યાના યારી) એ રાગ.

માજી કાંમણગારી. કષ્ટ નિવારી. મેહેર કરો મંમાય.
દીનદયાળી વ્હાર હમારી—કષ્ટ.
અતિશણગારો ઉરેધરીને માતુશ્રી સાક્ષાત,
ચઉદભુવનમાં ગુણગવાતા શી કહું તારી વાત.
મારો હાથ ઝાલી પાર ઉતારી—કષ્ટ.
સોના કેરા શિખર ઉપર ફરફર ઉડે નિશાંન,
દેવળ કેરી શોભા જોતાં ભૂલે છે સૌ ભાન.
હાંડી તકતાઓ ધારી શોભાજ સારી—કષ્ટ.
રાજનગરમાં રહેવું મારે કડવા પાટીદાર(ની) જાત,
ભોળા ભાવે સેવક કથે છે પાર ઉતારો માત.
જાઉં તુજપર વારી બહુચરબાળી—કષ્ટ.

---

૯ (ચંદ્ર વખત સો આવીયો.) એ રાગ.

કળીકાળજ આવીયો સરવે જગતમાં તે ફાવીયો.
સત્ય ગયું એણે ઠાર (૨) ભક્તજનને પડે માર,
ખોટા ખેલેરે ફુબાવિયો માજી દેશ ખોટા ખેલેરે ફુબાવિયો.કળી.
નીચ કરે ભગવાં (૨) પેટ કાજ ઠગવા,
ખોટારે વેષ ફેલાવીઓ કળીકાળે ખોટારે વેષ ફેલાવીઓ.કળી.
અતિ મેહેર કરો માય (૨) ત્યારે દુઃખ સરવે જાય,
કળજુગે દેશ ભમાવિયો માજીકાળા કળજુગે દેશભમાવિયો.કળી.

---

૧૦ બેત.

આ અવનીપર ઝેરને, થાઅજ કાળો કેર;
તે ટાળો માજી સહી. લાવી અંતર મેહેર.

---

૧૧ (બેડોબાઇ બુડતો તારોરે) એ રાગ.

બહુચરમા વાત વિચારોરે મને માજી પાર ઉતારોરે,
સાર નથી આ વિશ્વની માંહે દુઃખજ અપરંપાર;
સારૂંરે કરતાં ખોટું થવાનું આરે જગતની મોઝાર. ટેક.
જોરે ભક્તિ ભાવ કરૂં તો લોક કહે છે ઘેલો,
સગાં સહોદર સર્વ મળીને(કહે છે)ઢોંગ તમેતો મેલો.બહુચરમા.
દાસ ઉપરમાં મહેર કરીને આવી ગ્રહો ઝટ બાંહ્ય,
સેવક જનની ભીડજ ભાગો અતિથાઉં ત્રાહ્ય ત્રાહ્ય. બહુચર.
દેશ મુકી પરદેશ ગઓ તો પરદેશ લાગી લાહ્ય,
જોગી થઇને જટા વધારે લોકો કહે શું થાય. બહુચરમા.
સાપે જેમ છછુંદર ઝાલ્યું મુકે તો થાય અંધ,
એ કહેવત મુને આવી વળગીઉં હવે છોડો મારાબંધ. બહુ૦
કપટી કુડા સંસારે ફસાયોમા પૂર્ણ કરેલાં પાપ,
એક પહોરથી સ્તુતિ કરૂં મા આવી મળો આપોઆપ. બહુ૦

---

૧૨ (ધીક યુવા ધીક મુજને) એ રાગ.

પાંમર પ્રાંણી પલક મહીં, ચાલ્યો જઇસ અંતરીઆળજી;

પ્રાણુને પરગતિ સાથે જશે, તેમાં નહી ફેરફારજી.
[એવું રે જાણીને ભજ બહુચરી.
બાળપણામાં રમત કરી, ખૂબ તરેહથી ખેલ્યોજી;
કરણી પાર ઉતરણી.તે, શુદ્ધ મારગને મેલ્યોજી. એવું રે.
જોબન માંહે જોર કરી, કંઇકનાં ધન હરતોજી;
કાળ ચપેટીથી નવ ડરી, ફૂલ્યોને ફાલ્યો ફરતોજી. એવું રે.
વૃદ્ધિપણામાં ચિન્તા લાગી, હાય હવે શું કરવુંજી;
સદ્‌ગુરૂ સબદ તો એ કહે, એક વાર યમપુરી ફરવુંજી. એવું રે.
હાડ તણા હાથ પગ બનીઆ, ફરતાં ન લાગે વારજી,
સંનખલપુર રાંણી સેવજે, ઉતરવું હોય પારજી. એવું રે.

---

૧૩. (હજાર શુક્ર હે ખુદાએ દોજહાંનકા) એ રાગ.

મોહનગારી માવડી છે, અજબ તુજ કૃતિ;
પાપ હરણ શાન્તિ કરણ, દેવી તું સતિ.
વિશ્વ ભરણ જગત કરણ, આપ સન્મતિ;
ભૂ-નાભાર કરતું પાર, આપ સુખ વૃતિ.
જે જન ગુણ તારા ગાએ, નક્કિ તે સ્વર્ગે જાએ;
ભકત જનની કરતી વ્હાર, કાપ દુરમતિ.
જે જન ગુણ તારા ગાએ, નક્કિ તે સ્વર્ગે જાએ;
આનંદ આનંદ ઉર માંહે, બહુચરા સતિ.

---

૧૪ (ગુણીચતરંગ રસગુણ ગાઓ.) એ રાગ.

મનોહારી મા તત થેઇ નાચું,
માજીપારે તત થેઇ નાચું—મનોહારીમા.
પખાજ ઝાંઝસારંગી સજીને કીડતાલ કરમાં લેઇ,
સારેગમ પધની નીધપમ ગરેસા.
કરો ભવપાર માઇ યાચુ—મનોહારીમા.

---

૧૫ (અબચલે (૨)ન મોહન તેરા.) એ રાગ.

પાયેનમી (૨) કહુ મમમાત. ટાળો મનના ઉતપાત,
બહુ ખરચેથી પણ દામ સરવાનું નહીં એ કામ.
તમે જાણો તે તમામ. તારો નિત્રીનીપાર,
દુઃખ હરનાર દેવી સાક્ષાત—પાયે.

---

૧૬ (ખંતેથી નમી તુંને અંતે વીનવીએ.) એ રાગ.

પ્રીતે નમીને એક ચિન્તે આરાધું,
ધરો ધ્યાંન. ધરો ધ્યાંન. ધરો ધ્યાંન. ધરો ધ્યાંન.
મહેર મહેર મહેર મહેર,
સત્ય દ્દની ઠેરઠેર દયાળી આંણીને મહેર,
માજી ન થાઓ નમેર થાય મુને લીલા લહેર;
કરો કેમ માજીદેર બોલું નહીં ફારફેર,
સરવથી તમે શેર માટે નવ કરો દેર.

માજી આસરો તમારો તુંજ બાળ સુને ધારો,
આપો આસીસ અપારો અર્જ માહારી એ સ્વીકારો.
મહેર. મહેર. મહેર. મહેર,

૧૭ (બેની મારી સર્યુવિલાસી.) એ રાગ.

માતુ અતિ આનંદ કારી(૨)મોહનગારીને દુઃખહારીતુ-જ-તુ
હર્નીસ તારૂં. સમરણ ધારૂં,
તાપ નિવારણ દેવી તું-જ-તું—માતું.
કહું કરજોડી. રીતભાત છોડી,
રાતદીન સેવકરૂં હું-જ-હું—માતું.

૧૮. (ચમકતી ઠમકતી) એ રાગ.

ટાળની. ટાળની. ટાળનીરે, દેવી કાળતણી ફાળને તું ટાળની,
બહુચરઆઇ, દેવીહરીઆઇ, રૂડી દીસે તુજ દામણીરે. ટેક.
ગેબી ગોળો મા આવી વળગશે, નિવાર તું ફાળકાળનીરે. દેવી.
મનોહારી મા મહેર કરીને, દોરી ન તોડીસ પ્રેમનીરે. દેવી.
યોગેશ્વરીમા છબીમતવારી, જપું જપ માળ તુંજ નામનીરે.દેવી.

૧૯ (ત્રીપુરારી અમે નમીએ) એ રાગ.

બહુચરા તુંને નમીયે;
નમીયે, નમીયે, નમીયે. બહુચરા.
નમીયે રંક જન અમે;

દેવી દયા. માજી મેહેર,
ભવસાગર તરીયે, ફરીયે, ઠરીયે. બહુચરા.

૨૦ (જબકે કલંદર) એ રાગ.

અલબેલી બહુચર બાળીતું સરવજનોને નચાવે છે.
મોટા મોટા મુનીરેજનને ગોથાંતુ ખવરાવે છે,
દેજે કરણી તેવી સજા સત્ય અસત્ય પ્રમાણી;
લાગે છે કે હાય હવે થવા બેઠી હાંની,
સરવજનોમાં નીચમતી પસરાંણી. દેજે. અલબેલી.

૨૧ (નમો પદે ગીરજાપતિને) એ રાગ.

નમું પ્રેમે બહુચરાજી સતિ.
અખીલ જગતમાં સુજને માજી ખરો આસરો તારો,
મોહનગારી માજીમહેર કરી દેજે સન્મતિ. નમુ;
પૂત્ર ગણી નિરધાર.નીત્ય દેજેતું દેદાર. દુઃખ માજીહરનાર,
તારી કૃતિ અપરંપાર. ભકતજનને કરજે વ્હાર.
જગતજનેતા માતુ મહારી પુરજે મનનીઆસ.મોહનગારી.નમુ.

૨૨ (ખુસ રહો સનમજા) એ રાગ.

જાત્રાળુ જન જે રાજનગરથી જાએ;
સાબર નદીના ઉપર ભેળાં થાએ.

ભેગાં મળીને પછી ચાલતાં થાએ;
કડીરે ગામમાં જઇ લાડવા ખાએ.
રસ્તામાં ગાડીઆ ચાલે અતિ પુરપાટ;
ભલ ભલાઇન ભુલી જાય અંધારે વાટ.
ડાંગરવે થઇને જાય દેથળી ગાંમે;
થાણું આવે પછી ચુંવાળ ચોકના ધામે.
થાણાના પોલીસ પટેલ સહુને કહે;
દોડમ દોડા ન કરો શીખામણ દેછે.
કંઇ કંઇક જણા લપસી લપસીને જાએ;
શેવક બંદા ફુલ કાવડ લઇને ધાએ.
પછી વલ્લભ ભટની વાવ વડલા દેખાય;
શી કહું તે તણાં છાંયડાની શોભાય.
પછી ધર્મશાળાની પાસે ઝાંપો એક;
ત્યાં મળે ભાત ભાતની ચીજ અનેક.
સરવે પુનમીઆ મળી ગઆ માધ્વારે;
માજીના પગ રસ્તાનો એજ વિસ્તાર.

---

૨૩ (ગાડી આવી ગુજરાત અગનકેરી ગાડીરે આવી.) એ રાગ.

આનંદહેલી અપાર સનખલપુરમાં આનંદહેલી,
અસાડી પુનમનેદન સનખલપુરમાં આનંદહેલી;

બહુચરબાળી તુજને ધન્ય સનખલપુરમાં આનંદહેલી,
સરસ્વતિ તુજને વીનવું ગણપત લાગુ પાય.
આજ્ઞા લઇ માજી તણી શીશનામીને ગુણલાગાય. સનખલ૦
અવસર રૂડો સાધીને અસાડ સુદ પુનમ,
માજી પ્રેમે પ્રગટીઆં પાપી કરવા પતંન. સનખલપુરમાં.
ભકતજનોને ચાંલ્લા કર્યા ઉમંગ ઉરનામાય,
નવનવાં ભોજન કરી માજીને થાળ ધરાય. સનખલપુરમાં.
ગાયકવાડ સરકાર આવીયા દરસન કાજે રેખાસ,
કંકુ ગોળી થાપા દીજીઆ આનંદમંન ઉલ્લાસ. સનખલપુ૦
વરઘોડો રૂડો ચડે માજીનો તે દંન,
મેનામાં આસન કરી પછી ફેરવે ચોગરદમ. સનખલપુરમાં.
ધન્ય કારભારી ...વીને ધન્ય તમારી જાત,
વરઘોડો રૂડો ચઢાવો અતિભાવી મનમાં ખાંત. સનખલપુરમાં.
ફરતાં ફરતાં સરવરે વરઘોડો જ્યાં જાય,
પછી તાંઆ વીધિ થકી માજીની પુજા રૂડી થાય. સનખલ૦
વાજીંત્રો બહુ ગરગડે મંડળિઓજ અપાર,
નિશાન અતિસય ફરફરે ભીડજ અપરંપાર. સનખલપુરમાં.
બ્રહ્મભાટ ચારણ સરવ મળે વરણ અઢાર,
પોલીસ પટેલને ચોપદાર વળી જમાદાર થાંણુદાર. સનખલ૦
દાસનો દાસ ગાય છે દેહનાં દુઃખ જાય,
એમ ધરી માને ભજો તો મન વાંચ્છિતફળ થાય. સનખલપુ૦

૨૪ બંનજારો.

માજી અર્જ મારી સ્વિકારો, મુજ બાંહ્ય ગ્રહીને તારો.
તમે સકળ જગતનાં કર્તા, દુઃખ સાચા જનોનું હરતારે;
મુને સહાય થઇ ઉગારો મુજ.
સો કસાઇ અજા એક ઘેરે, તેમ ઘેરાંણો ઠેરેઠેરેરે;
એ વાત માજીરે વિચારો, મુજ.
સંસારનું સુખ એવું, એતો પતંગના રંગ જેવુંરે;
ભવ સિંધુમાંથી ઉગારો, મુજ.
સેવક જનનું કહેવું, સંસાર સુખ સ્વપ્ના જેવુંરે;
સુખ સાપ તણો છે ભારો, મુજ.

---

૨૫ (મારે પડે હંમપ્યારે ફબનકે) એ રાગ.

નમન કરૂં વારવાર નમીને પાયે નમીને પાયેનમોને. નમન.
અંત્મ ઉદ્ધારણુક્ષું ભવતારણ સેવા કરૂં અતિહેતધરીને.નમન.
સાંન્તિસારી બચવાની બારી બતાવમુજને મહેરકરીને.નમન.
આદ્યભવાનિક્ષું અલબેલી પાયે પડું વારવાર લળીને. નમન.
મહેરીનો તે મહેજ કીધો દર્શન દે આપોઆપ મળીને. નમન.

---

૨૬ (યા કુદરતેસુ બ્હાની) એ રાગ.

સાંણી તું સુખદાઇ, કેવાતી જગમાઇ;

દેવી તું દરીઆઇ, મહેર કર માઇ.
સકળ તું ઠરણ, જગતની કરણ;
વીઘનની હરણ, મહેર કર માઇ.
શોભાજ કરી સારી કુકડાપર•સવારી;
સનખલપુર રાંણી, મહેર કર માઇ.
સરવની સીરતાજ, મહેર કરી આજ;
ઓાલાવ દીલ દાઝ, મહેર કર માઇ.

---

૨૭ આશાગોડી.

આસપુરો અલબેલી શર્ણાગતની આસપુરો અલબેલી,
અભરાભર્ણને સુખકર્ણ આપવિના કોન બેલી. શર્ણાગતની.
ભકતવત્સલ ભયાનકદેવી આનંદની કરોહેલી. શર્ણાગતની.
માતને તાત વાહાલાંને વેરી દુ:ખતણી એતો થેલી. શર્ણાગતની.
અકલસકલમા રમત તમારી થાકયો જગમાજીખેલી. શર્ણા.

---

૨૮ (દેખી તેરી વફાદારી) એ રાગ.

શોભા સરવરની સારી, સુણો તમે નરનારી;
અરેવા-રેવા-રેવા-રેવાવાવાહ. શોભા.
એના ફરતો બેસ કઠેરો, પવનની લહેરો;
તુલસી કેરો, કયારો ત્યાં ભા......રી. શોભા.
મહા દેવના દેવળ અપાર, બેઠાની બહાર;

દીસે ઠારો ઠાર, અતિસુખકા......રી. શોભા.
માનસરોવરમાં જે નાહ્ય, પાપી પાવન થાય;
દુઃખજ સરવે જાય, ભક્તિ વારી વા......રી. શોભા.

---

૨૯ (પુનમ ચાંદની.) એ રાગ.

શોભા અનુપમદીસે મા દરબારની રે,
ચારે ખંડમાં દેવીતું પ્રખ્યાત;
ભોળી માતું મહારી દીનદયાળી બહુચરી રે.
મનહર નવિન કૃતિ છે તુજ મહેલની રે,
થાયે દીસંતાં દીલડાં રંજન. ભોળી.
તત્વસારમાં તુજ છે, કેતાં નાવે પાર;
શેવક કહે શુદ્ધ ભાવશું, દેજે નિત્ય દેદાર;
માજી દ્વારતો પીતળે પુરાં મઢયાં રે;
થાયે દીલજજરે અતીસે પ્રસંન. ભોળી.
અકળસકળ ગતિ તાહેરી સેવકને કર સહ્વાવ,
કોડ પુર કલ્યાંણીતું, મહેર કરી મંમાય;
ઠાંમે ઠાંમે આરસ પારસ કેરૂં કાંમ છે રે,
થાય નિહાળીને પ્રફુલ્લિત મંન. ભોળી.
દુઃખભંજન દેવી સાંત, વીનતિ ધરજે ધ્યાંન;
પાપીને પત નાર કરી, દેજે ઘા બાંણ સમાન;
ભવની તારણ દુઃખ નીવારણ દેવી તુંજ છે રે,
કરે સેવકોના દુશ્મનો પતંન. ભોળી.

કાસદ કાંમ મુજને મળ્યું, કપટી કુટીલ જગ માંહ્ય;
હુકમ કર હજુરી તણો, તો તો દુઃખ સહુ જાય. શાભા.

---

૩૦ પીલુ—તાળ દીપચંદ.

સનખલ પુરીમાં, અર્જ અમારી,
ભક્ત ગણી લીઓ પાર ઉતારી; ટેક૦
તાથેઇ તતથેઇ નૃત્ય કરીને,
માગું બચવા તણીરે હું બારી. સનખલપુરીમાં
આધ્ય શક્તિ છો અલબેલી,
સુખ શાંન્તિ દીઓ તમે સારી. સનખલપુરીમા
આપચરણ અમૃત ઝરણુ,
લખ ચોરાસી દેજો નિવારી સનખલપુરીમાં
ચોસઠ જોગણી જુઆની ઝીલે,
વીનતિ લીઓ તમે ધ્યાનમાં ધારી. સનખલપુરીમા.

---

૩૧ ઠુંમરી ભૈરવી.

જાઉં ચર્ણ કમળ પરવારીરે, વારી–વારી–વારીરે. જાઉં.
મનોહારીને પુરા પ્રેમે નવરાવું, સુવર્ણ ઝારી કરવારીરે. જાઉં.
વિસાળ દહેરામાં આપ બિરાજો, ત્રિશુળ કરમાંય ધારીરે. જા.
હોમહવાન તમ પારેરે થાએ, હોમે ચુંદડીઓ સારીરે. જા.
સુંદર મનહર મુખ તમારૂં; લાગે ભયાનક ભારીરે. જાઉં.

મોહ મમતા અને લોભ તજાવો, કરો અતિ સુખકારીરે. જાઉં.
વિનતી સેવકની ધ્યાનમાં ધારી નિવારો ભવભય ભારીરે. જા.

---

૩૨ (મોરાજી અરવાજાંની મીલી.) એ રાગ.

રૂડી રૂપાળી તું માજીસહી, માજીસહી.
કરત્રીશુળ સહીરે (ઉભી)—રૂડી.
અતિ આનંદે જો તુને આરાધે.
પાર ઉતારે તું કર સાહી—રૂડી.

---

૩૩ (જોતું ખ્વારી ચાહે સારી બનકર જ્વારી
હર હરખેલ) એ રાગ.

બહુચરબાળી, ચુંવાળવાળી, પ્રીતે પુજું આવ્યા; ઠાંમ;
સુવૃતિ સજી, કુવૃતિ તજી, પાય પડે તો સારો કામ.
એકજ ચીત્તે, ભજું હું પ્રિતે, ગુણ ગાંઉ તમ ગામો ગાંમ;
દુરમતિ કાપો, સન્મતિ આપો, મહેર કરો મા ઠામો ઠાંમ.
અર્જ ઉર ધરો, દુઃખદ પરહરો.
માજી મહેર કરો, નિતિ તણા ઝરો;
સહાયતા કરો, કહે દાસ તાહેરો.
જળમાં સ્થળમાં વ્યાપક પોતે ઠાંમો ઠાંમ. બહુચર.

---

૩૪ (મારી નિર્મળા પ્રાણની પ્યારીરે) એ રાગ.

હું દુઃખમાં ડુબાએલ પ્રાણીરે. આવ્યો હું આપની પાસ.
મારાં દુઃખો સરવે ટાળજો. ધારીને દીનું દાસ.
ડાપણ માંહે ડાહ્યો થઇને ચોગરદમ હું ધાયો.
માલ મુદાના ધણી વગર હું, ઠાલી ઠોઠ અથડાયો.
માતુરે તુજ મહેર વિના હું ખુબતરેહ ખંડાયો—હું દુઃખમાં.
કૃપાળુ દેવી ગુણીજ પુરાં, ઝહોસેવકનો હાથ.
પાપ રૂપી પડદો પરહરોમા, સૂણી સેવકની દાદ.
તનડાં કેરાં તાપ નિવારી મહેર કરો મંમાય—હું દુઃખમાં.

---

૩૫ ગરબો.

પરથમ ગણપત લાગું પાય કે, ગરબો આદરૂં રે લોલ;
બહુચરમાત તણા શણગાર કે, મુખથી ઓચરૂં રે લોલ;
સોળે શણગારો સોભાય કે, ઝાલ ઝુમણાં રે લોલ;
હીરા મોતીએ પોરવેલાં, ખુબ લુમખાં રે લોલ;
ચાક ચમરસો ચોટલો કે, કટીએ પડયો રે લોલ;
સર સેંથે છે હીંગુળ કે, બહુ આડો કર્યો રે લોલ;
સાચાં મોતીડાં તણીરે દીસે, દાંમણીરે લોલ;
સોના કંઠીઓ છે રૂડા રે, જડાવની રે લોલ;
તેજ તણોરે અંબાર કે, દીસે લોલ કે રે લોલ;
માંહે જડીએલાં નંગ તે, અમોલ છે રે લોલ;
આદી ઘરેણાં પહેર્યાં છે, રે ઘચુંબલેરે લોલ;

સોનાદોરીઓ કંઠી વીના છે, જુમણે રે લોલ;
કસબી સાળુડા ચુવે છે રે, કસુંબલે રે લોલ;
ભાત ભાતના શણગારો ત્યાં, ઝઝુમવે રે લોલ;
કુમ કુમ ચાંદલા કરીને મુક્યા, ઉર ધરી રે લોલ;
આરાધું વાર વાર કે નમું, લળી લળી રે લોલ;
કળીકાળમાં માજી ચુંવાળમાં, વસીરે લોલ;
સેવકોના દુઃખ હરવા, રહે ધસી રે લોલ;
માજી ગુણલા ગાતાં, આવે નહીં પારડો રે લોલ;
માજી મંડપમાં હીરાનો, ઝબ ઝબકારડો રે લોલ;
ફુલ ચંદન વરસાવે, સરવે દેવતા રે લોલ;
શીવ વિશ્નુ બ્રહ્માદિક, રૂષિ મુન્ય તુંને સેવતારે લોલ;
ત્રીલોક લે ઓવારણાં કે, ફરી ફરી રે લોલ;
અખંડ દીન દયાળી, માતુ ગહારી બહુચરી રે લોલ.

---

૩૬ ત્રીતાળી ચોપાઇ.

સનખલપુર માંહે સુંદર બાગ, ફુલઝાડ ખીલ્યાં ત્યાંઅથાગ;
વડ ગુંદી વરખડી વીશેષ, મોર પંખી કરે છે ત્યાં બેસ;
આમ્ર ચંપો અને ચંબેલી, જાઇ જુઇ અતિશય ખીલી;
દ્રાક્ષ આસોપાલવ છે અનેક, લચી વૃક્ષોપરે પડયાં છેક;
કમળ કેતકીઓ છે અપાર, ચંપા ગુલાબ છે બે સુમાર;
બાર માસીને ગુલબાસ, ત્યાં શીતળ વાયુનો વાસ;
કંકોડી પીંપળને અરડુસી, માંહે મોરંગ રેહે છે ખુશી;

તીહાં પંખી કરે છે કલ્લોલ, ટૌકા કરીને બોલે છે બોલ;
બન બપૈયા પીયુ પીયુ બોલે, સુણતાં જીવ ચડે ચકડોળે;
દેવી મહેર કરો દરીયાઇ, આસ પુરજે બહુચર બાઇ.

---

૩૭ ઝુલણા.

માનવી માનવી સેવ સનખલપુરી, નહીં તો નીચ તણે પેટ આવ્યો;
જ્ઞાનથી જોઇને ડાહાપણ ધોઇને, સરમને કરમ સાંને તું લાવ્યો;
મોટા રાક્ષસ તણા ભય જેણે નવ ગણ્યા, તે તણી ભક્તિમાં તું ન ફાવ્યો;
જે કરે જેહવું ભાગ્ય તે ભોગવે, શાને કાજે પથ્થર પેટ નાવ્યો.

---

૩૮ ચોબોલા.

માજીતો પુન્યવંતા પુરા, હોય તેને તો ત્રુઠે છે;
શ્રી માજીના દરશન કરેથી, ભવની વેદના છુટે છે;
લાયક દાયક સેવકજન તે, ઘેર બેઠા લખ લુટે છે.
ભમરાળા અકર્મી પુરૂષો, રત્ન પથ્થર શું કુટે છે.

---

૩૯ કાફી.

પુનમીઆ તેને કહીએરે, પૂરો નીમ જેણે રાખી.

માજી ઉપર પ્રિતીરે, ઝેરતણી પ્યાલી ચાખી.
ફાગણ ચઇતરમાં સંગ મળીને, જાય માજીને દ્વાર.
મેંઢા કેરો સંબંધ કરેછે, તેમાંજ નહીં ફેરફાર;
માજીસરવે જાણુંરે કયાંથી, થાયગાંની ઝાંખી-પુનમીઆ.
પીઉ ગયા પરદેશ મકીને નારી કરે ટળવળાટ.
પુત્ર લેવા કરગરી કહેછે, તીલક કરી લેલાટ.
ધન લેવું વારીરે, દૂતનો ભય કાઢી નાંખી-પુનમીઆ.

---

૪૦ ડરમાં તું દીલ સાથ (૨) છોકરા) એ રાગ.

જય જય કર જગ માંહ્ય, જનેતા જય જય કર જગ માંહ્ય
તુજ વિણ બીજાથી ન થાય (૨). જનેતા.

દેવી દયાળુ-તુંજ કૃપાળુ.

ભક્ત જનોની તું વારેરે ધાતું, વંઝયાને પારણાં તુંજ બંધાતું;
સર્વ દેવોમાં તું શ્રેષ્ટ ગણાતું, ગુણ તારા ઠામો ઠામ હું ગાવું.

(દેવી દેવી દયાળી એકતુંજ.)

નિરમળ કર મુજ કાય (૨) જનેતા.

જાઉં વારી વારી, બહુચર બાળી.

ચર્ણ કમળની હું જાઉં બલીહારી,
ન્યારી ગત દેવી દીસેછે તારી;
જન્મ મરણ ભય દેજે નિવારી,
સેવકની ગત દેજે સુધારી.

વિનંતી લેજે તું ધ્યાનમાં ધારી;
{ દેવી કળજુગે તો કેર કર્યો, બાળ ગણી મહેર કર; }
{ માતુશ્રી એ જુલમ સહન થાય, બહુચર બાળી સહાય કર. }
હાંહાં રખે ભૂલી તું જાય (૨) જનેતા.

---

૪૧ (બીક લાગે ભાઇ બાપુ પાસે જાતાં
મુજનેરે) એ રાગ.

ભોળી ભવાની મુખ તમારૂં, શોભેજ સારૂંરે.
તારો નિધી પાર દેવી દાસ કરગરૂંરે—ભોળી.
ફાંદા જગનામા ફોડો.
તનના તાળાંમાં તોડો.
સેવક વારે મા દોડો.
દાસ જાણી કરજો વ્હાર કહું ખરે ખરૂંરે-ભોળી.

---

૪૨ (મંગળ કર ભવ ભયહર જય ઉમાપતી) એ રાગ.

કુંદન સમ સુંદર, મુખ રંજને હરો;
પળ પળ મન મંજન, સુજ્ઞાનનું ધરો. કુંદન
સર્વ જનોમાં પ્રવિણ, આપો આસરો;
ભકત જનોને સહાય કરો, દુઃખ દુર કરો,
દુઃખ દધીને દુર વીંધીને, શાન્તિ વિસ્તરો.

પાપો, આપો, કાપો દુ:ખદ હરો;
નીતિઝરો, મહેર કરો, અર્જ ઉરધરો. ફંદન

---

૪૩ (માંયાં પ્રેમે જોને તું જરી) એ રાગ.

નમું નમું ભવાની સતિ (૨)
રંગીલું. રસીલું. છબીલું. હસીલું.
મુખ તારૂંમા. જોવા ધારૂંમા. પ્રીતે તારૂંમા. ધ્યાન
ધારૂંમા. કર સારૂંમા.
સુણતું સતિ—નમું નમું.
બાળ ગણી નીરધાર, ઉનારને ભવપાર.
આવુ પારે દોડી, કાજ સહુ છોડી, રીતભાત
ફોડી, ચુર કર દોડી.
રંગીલું, રસીલું, છબીલું, હસીલું-મુખ તારૂંમા-નમું નમું.

---

૪૪ (તુંન કુમલા જીયરવા) એ રાગ.

બહુચર બાળી તું શાણી (૨) ઓ માતુમારી—બહુચર.
અખીલ જગતમાં આધાર તારો.(૨)
જોગ માયા મેં જાણી (૨)—ઓ માતુમારી.
મહેરીનો તેં મહેજ કીધો (૨)
નિધી તારને શાણી (૨)—ઓ માતુમારી.
ઝણુ ઝણઝણ ઝણુ ઝાંઝર ઝમકે.(૨)

દીસે સુખની ખાંણી (૨)—ઓ માતુમારી.
હર્નીસ તારૂં સમરણ પ્યારૂં (૨)
દેજે મુને એંત્રાંણી (૨)—ઓ માતુમારી.
સંકટ મહારાં દુર કરીને (૨)
સુખ દેજે કલ્યાંણી (૨)—ઓ માતુમારી.

---

૪૫ સોરઠ.

બહુચર બાળી ભોળી ચુંવાળી ચોકમાં રે; બહુચર.
નોતમ નેપુર પાયે વાજે, ગણણુણુણ ગંટડીઓ ગાજે;
સર્વ દેવો મહીં દીસંતી નોખમાં રે; બહુચર.
ચિત્ર કાંમ મંડપમાં પ્યારૂં, દીપક માળનું તેજજ ન્યારૂં;
દેવી દયાળી બેઠી સરવે શોખમાં રે; બહુચર.
હોમ હવન મા પાસે થાએ, ચીર ચુંદડી અતિ હોમાએ;
બેઠી દયાળી કુંદન સરખા ગોખમાં રે; બહુચર.
માજી મહેર અતિસય આણી, લોકના દુઃખ લેજે તાણી;
ભવસાગર છોડાવી લે પરલોકમાં રે; બહુચર

---

૪૬ (બિચાર મેરી પ્યારી) એ રાગ.

તાર નિધીપાર દેવી બાળક ગણીને તું તાર.
ઘાડીના માજી તેં ઘોડોજ કીધો,
તારી સેવામાંહી સાર (૨) તાર.

દેવોના દુઃખડાં દૈત્યો હણીને,
ટાળ્યાં માજી તેં નિર્ધાર (૨) તાર.
બહુચર માતું બાળી ભોળી રે,
ગણાઓ જગમોઝાર (૨) તાર.
કલ્યાણી માજી કોડ પુર મારા,
નમન કરૂં વાર વાર (૨) તાર.

---

૪૭ (અગેનઁ અગેનઁ અગેનઁ) એ રાગ.

પ્રણાંમ દેવોને પ્રણાંમ (૨)
અર્જ ઉરધરો, વિઘ્ન દૂર કરો;
શીવજી કૃષ્ણજી લક્ષ્મણજી રાંમ; (આદી.)
પ્રણામ દેવોને પ્રણામ (૨)
મુને સહાય કરો, કાળ ઝાળ હરો;
કહે છે નમીને ગણપત રાંમ. પ્રણામ.

---

૪૮ (આજે આનંદ આનંદ થેઇ થેઇકાર થયો) એ રાગ.

લીલા લહેર માજી મહેલમાં છવાઇ રહી,
સોળે શણગારો સજી બેઠાં ગોખ મહીં;
ફરૂં અહીંને તહીં, જાણે સ્વર્ગ સહી. (૨) વાહ૦
હેલી આનંદ તણીરે અપાર થઇ;

લાડણાં એ લડાવ્યાં લાડગાંન ગઈ;
પંચ રાત રહી, લાવ લીધો સહી. (૨) વાહુ૦

૪૯ (એવીરે રંભા) એ રાગ.

આજેરે માજી ઉરમાં આનંદ છે અપાર.
મનહર સુખ કર મુખડું તારૂં, શોભે સૂર્ય સમાંન;
અરૂપ સ્વરૂપ દુઃખ ભંજન દેવી, ધારી જોતાં ધ્યાનરે, આજેરે.
ચંપ કવાણી તુજ આધારે, આરંભેલું કામ;
નિર્વિઘ્નેથી પુરણ કીધું, દુઃખડાં મારાં વાંમરે, આજેરે.

૫૦ (વીનંતી ધરજો ધ્યાન) એ રાગ.

મહેર કરો મંમાય હાંરેહાંરે, મહેર કરો મંમાય;
લઘુ ગ્રંથ મેં પુર્ણજ કીધો, એતો તમ કીરપાય. હાંરે.
કવીજનો કોઇ કોપન કરશો, ભુલ હોએ ગ્રંથ માંહ્ય હાંરે.
ઓછી અક્કલનો ઉત્તમ કુળનો, પાંમર પ્રાંણી છું માય. હાંરે.
અવર કામમાં આપ પધારી, કરજો સેવકને સહાય. હાંરે.
સેવક જનને દર્સન દેજો, નિર્મળ કરજો કાય, હાંરે.
લાજ વધારી પાર ઉતારો, જય જય બહુચર માય હાંરે.

૫૧ (શ્રી જગત પતિ) એ રાગ.

ધન્ય બહુચરા સતિ, દેજો શુભ મતિ અતિ.

અકળ ગતી આપની છે, અજબ તમ કૃતિ.
વિશાળ મંડપે આપ બિરાજો, ત્રિશુળ ગ્રહી કરમાંય.
વારંવારે નમન કરીને, સેવક જન ગુણ ગાય— ધન્ય.
હેત ધરી માજીના દ્વારે. સેવક જન જે જાય.
પ્રેમ થકી માજીને ભજતાં, દુઃખડાં દૂર સૌ થાય— ધન્ય.
હામ હતી નહીં મુજને માજી, રાખી મારી લાજ.
નિર્વિઘ્નેથી પુર્ણ કરાવ્યું, સાર્યું સેવક કાજ— ધન્ય.
નારણ પરસોતમ નારણને, ચોથા આત્મારામ.
સેવક ચારે હળી મળીને, આવેછે તમ ધાંમ— ધન્ય.
ચારે બંધુ રાજનગરના, કડવા પોળ મુકામ.
ચારે એક કુટુંબી ગણાએ, કહેછે ગણપત રાંમ— ધન્ય

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે સદ્‌ગ્રહસ્થોને ખબર આપવામાં આવે છે કે આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીમ્મતે વેચાતી મળશે. સો ઉપરાંત ખરીદ કરનારને કીફાયત કીમ્મતે આપવામાં આવશે. દેશાવરથી મંગાવનારે અરધો આનો ટપાલનો જાસ્તી મોકલવો. જે સજ્જનોને જરૂર પડે તેમણે પોસ્ટપેડ કાગળ લખવો આ બુક કર્ત્તાની રજા સિવાય કોઇએ છપાવવી નહીં.

૧ પટેલ. આતમારાંમ (ઉર્ફે) ગણપતરાંમ મુળચંદ.

૨ પટેલ. નારણદાસ દલપતરાંમ.

૩ પટેલ. નાદણદાસ મુળચંદ.

૪ પટેલ. પરસોતમ મણીલાલ.

રહેવાશી અમદાવાદમાં લુણસાવાડે કડવાપોળમાં.

ઉપરના ઠેકાણેથી આ બુકો રોકડી કીમ્મતે વેચાતી મળશે.

લી૦ ગ્રંથકર્ત્તા.